નં.ડીએમ/ડીસીએચ/ચટણ/૨૨/૨૦૨૪
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી,
જામનગર. તા.૦૪/૦૫/૨૦૨૪

## ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ -૩૩(૧)(ખ) હેઠળનું જાહેરનામું

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ૭૬-કાલાવડ (અ.જા.) વિધાનસભા મતદાર વિભાગને લગત રીસીવીંગ/ડીસ્પેચીંગની કામગીરી હરધ્રોલ હાઇસ્કુલ ધ્રોલ ખાતે થનાર છે. રીસીવીંગ/ડીસ્પેચીંગની કામગીરી દરમ્યાન સરકારી વાહનો અવર-જવર તેમજ અન્ય કામગીરી દરમ્યાન ટ્રાફીકની સમસ્યા ન ઉદભવે તેમજ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જળવાઈ રહે તે માટે તા.૦૬/૦૫/૨૦૨૪ ના સવારના ૦૯.૦૦ કલાક થી સાંજના ૧૬.૦૦ કલાક સુધી તથા તા.૦૭/૦૫/૨૦૨૪ ના સાંજના ૧૮.૦૦ કલાકથી રાત્રીના ૨૪.૦૦ કલાક સુધી ગાંધી ચોકથી ધ્રોલ ત્રિકોણબાગ સર્કલ સુધીના રસ્તા પર તમામ વાહનોના પ્રવેશ પર પ્રતિબંધ મુકવા જાહેરનામું પ્રસિધ્ધ કરવા મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-જામનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા.) વિ.સ.મ.વિ. અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ તરફથી દરખાસ્ત મળેલ છે.

સદરહુ જગ્યાએ ટ્રાફિક જામની સ્થિતિ નિવારવા રસ્તા પરના ટ્રાફિકને વૈકલ્પીક રસ્તાઓ ઉપર વાળવા, ગેરવ્યવસ્થા અટકાવવા તથા કાયદો અને વ્યવસ્થા જાળવવાની દ્રષ્ટીએ મદદનીશ ચૂંટણી અધિકારી, ૧૨-જામનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ ૭૬-કાલાવડ (અ.જા.) વિ.સ.મ.વિ. અને પ્રાંત અધિકારીશ્રી, ધ્રોલ મારફત મળેલ દરખાસ્ત વ્યાજબી અને ઉચિત જણાય છે.

જેથી હું, ભાવેશ એન. ખેર, જી.એ.એસ. અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ, જામનગર, જી.જામનગર, ગુજરાત પોલીસ અધિનિયમ-૧૯૫૧ની કલમ ૩૩(૧)(ખ) હેઠળ મને મળેલ સત્તાની રૂઇએ આથી ફરમાવું છું કે, તા.૦૬/૦૫/૨૦૨૪ ના **સવારના ૦૯.૦૦ કલાકથી સાંજના ૧૬.૦૦ કલાક સુધી તથા તા.૦૭/૦૫/૨૦૨૪ ના સાંજના ૧૮.૦૦ કલાકથી રાત્રીના ૨૪.૦૦ કલાક સુધીના સમયગાળા માટે ગાંધી ચોકથી ધ્રોલ ત્રિકોણબાગ સુધીના માર્ગો પર નીચે મુજબની વૈકલ્પીક વ્યવસ્થા સાથે તત્કાલીન વાહનવ્યવહાર બંધ રહેશે.**

-: વૈકલ્પીક માર્ગ:-

ઉપરોકત સમય દરમ્યાન ગાંધી ચોકથી ત્રિકોણ બાગ તથા રાજકોટ-પડધરી જવા માટે ગાંધી ચોકથી શાક માર્કેટ થઈ કનૈયા હોટલ સુધીના બાવની નદી વાળો રસ્તો જવા આવવા માટે ઉપયોગ કરી શકાશે.

-: અપવાદ :-

લોકસભા સામાન્ય ચૂંટણી-૨૦૨૪ અન્વયે ફરજમાં રોકાયેલા તમામ વાહનો, ઈમરજન્સી સેવામાં રોકાયેલ એમ્બ્યુલન્સ, એકઝીકયુટીવ મેજીસ્ટ્રેટ તથા ફાયર સર્વિસને મુકિત આપવાની રહેશે.

આ જાહેરનામું તાત્કાલિક અસરથી અમલમાં લાવવું જરૂરી હોય, ગુજરાત પોલીસ અધિનિયમ -૧૯૫૧ની કલમ-૩૩(૬) ના પરંતુકની જોગવાઈ મુજબ તાત્કાલિક અસરથી અમલમાં લાવવામાં આવે છે.

આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર ગુજરાત પોલીસ અધિનિયમ ૧૯૫૧ ની કલમ-૧૩૧ મુજબ શિક્ષાને પાત્ર થશે. જાહેરનામાંનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ પગલા લેવા માટે સંબંધિત થાણાના હેડ કોન્સ્ટેબલથી નીચેના ન હોય તેવા પોલીસ અધિકારીશ્રીઓને ફરીયાદ દાખલ કરવા અધિકૃત કરવામાં આવે છે.

આ જાહેરનામાંની જાહેર જનતાને જાણ થાય તે હેતુથી પોલીસ અધિક્ષકશ્રી, જામનગરે તેની બહોળી પ્રસિધ્ધી કરાવવાની રહેશે.

આજ તા.૦૪ માહે: મે, ૨૦૨૪ના રોજ મારી સહી તથા કચેરીની મહોર લગાડીને પ્રસિધ્ધ કર્યુ.

Office of the District Magistrate, Jamnagar District
જિલ્લા મેજિસ્ટ્રેટની કચેરી જામનગર (જિલ્લા)
સત્યમેવ જયતે
ગુજરાત રાજ્ય

(ભાવેશ એન. ખેર)
અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ
જામનગર

નકલ રવાના :-

૧) પોલીસ અધિક્ષકશ્રી, જામનગર
૨) સબ ડિવીઝનલ મેજિસ્ટ્રેટશ્રી, ધ્રોલ
૩) નાયબ પોલીસ અધિક્ષક, જામનગર ગ્રામ્ય
૪) મામલતદારશ્રી, ધ્રોલ
૫) કાર્યપાલક ઈજનેરશ્રી, માર્ગ અને મકાન વિભાગ (રાજય), જામનગર
૬) નાયબ માહિતી નિયામકશ્રી, જામનગર
...સ્થાનિક વર્તમાનપત્રોમાં સમાચારરૂપે બહોળી પ્રસિધ્ધી અપાવવા વિનંતી સહ.
૭) મેનેજરશ્રી, સરકારી પ્રેસ, રાજકોટ
... ઉક્ત જાહેરનામાની (બે) નકલો આ સહ સામેલ છે. જેને અસાધારણ રાજ્યપત્રમાં પ્રસિધ્ધ કરી પાંચ (૫) નકલો અત્રેની ડી.એમ શાખાને મળે તે રીતે મોકલી આપવા વિનંતી સહ.
૮) શાખાધ્યક્ષશ્રી, રેકર્ડ શાખા
... ઉક્ત જાહેરનામાના ગેઝેટની નકલ આપની શાખામાં મળ્યેથી તાત્કાલીક મેજીસ્ટેરીયલ શાખામાં પહોંચતી કરવા સારું.
૯) કચેરીના નોટીસ બોર્ડ ઉપર.
૧૦) સિલેકટ ફાઈલ.

નકલ સવિનય રવાના :-

૧) પ્રિન્સીપાલ ડીસ્ટ્રીકટ એન્ડ સેસન્સ જજશ્રી, જામનગર.